Anoopam Mission

# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

* ડિસેમ્બર ૨૦૨૦ * વર્ષ ૩૫ * અંક ૯



અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદજી, પુરુષોત્તમ શ્રીહરિ,
અક્ષર-પુરુષોત્તમ ઉપાસ્ય સ્વરૂપ શાશ્વત કૃપાએ કરી,
અક્ષર-પુરુષોત્તમ મનુજ કૃતિમાં સાકાર રૂપ ધરી,
જે સાહેબસ્વરૂપમાં પ્રગટ છે વંદું ભાવ ઉર ભરી.





# વિકટ કાળની સકારાત્મક ઉપલબ્ધિઓ

**વિક્રમ** સંવતના નવા વર્ષ ૨૦૭૭નો આરંભ થઈ ગયો. થોડાં સપ્તાહમાં ઈસવી નવું વર્ષ ૨૦૨૧ પણ આરંભ થશે. નૂતન વર્ષે આપ સૌ સંતો, અક્ષરમુક્તોને હૃદયનાં ભાવવંદન સાથે જય શ્રી સ્વામિનારાયણ !

૨૦૨૦નું આ વર્ષ જીવનપર્યંત અને ઈતિહાસમાં યાદગાર રહેશે. આપણા સૌની કસોટીનું આ વર્ષ હતું; સાથે સાથે જીવનવિચાર, જીવનદૃષ્ટિ અને જીવનશૈલીમાં મોટાં પરિવર્તન પ્રેરનારું પણ આ વર્ષ હતું.

જે પરિવર્તનો આવ્યાં છે, તેમાં પાંચ પરિવર્તનો વિશેષ નોંધપાત્ર છે; અને, આ પરિવર્તનોને જીવનપર્યંત સહજ આચરણમાં અપનાવવાં જેવાં છે.

**પહેલું :** આપણે સૌ આપણા દેહની સ્વચ્છતા (સવિશેષ હાથની સ્વચ્છતા) અને દેહની રોગપ્રતિકારક શક્તિ વધારનારા સાત્ત્વિક, પૌષ્ટિક, તાજા અને નિયમિત આહાર-વિહાર પ્રત્યે અતિશય જાગ્રત બન્યા છીએ. 'પહેલું સુખ તે જાતે નર્યા' એ આપણી જૂની અને જાણીતી કહેવતોનાં મર્મ અને મહત્ત્વને બરાબર સમજ્યાં છીએ. સામાન્ય જણાતી આ જાગ્રતતા એક મોટી ઉપલબ્ધિ છે. તેને જાળવીએ, નિયમિત જીવનવ્યવહારમાં તેને વણી લઈએ અને સ્વસ્થ મન સાથેના નિરામય શરીરને ભગવાનનાં કાર્ય કરવા ને ગુરુવચને ભક્તોની સેવામાં વાપરીએ.

**બીજું :** આ વર્ષ ૨૦૨૦ના ગત ૧૦ મહિના દરમિયાનની આપણી જીવનશૈલીએ એ સાબિત કરી આપ્યું કે, ખરેખર આપણા જીવનની જરૂરિયાત કેવી અને કેટલી છે ! સાદગી, સંતોષ અને સરળતા યુક્ત



જીવન જીવવાનો આ એક સુફલ પ્રયોગ થઈ રહ્યો. આપણે ધાર્યું હોત અને આયોજનપૂર્વક પ્રયત્ન કર્યા હોત તો પણ પારિવારિક અને સંઘજીવન કે સામાજિક સ્તરે આવું સાદગીપૂર્ણ, સંતોષી અને સરળ જીવન જીવવાની શૈલી અપનાવવી શક્ય બની હોત ? તો, આ પ્રયોગના પરિણામ રૂપે પ્રાપ્ત સાદગી, સંતોષ અને સરળતાને અપનાવીએ. દોડ અને રેસમાં કમ-સે-કમ થોડાં જાગ્રત રહીએ, સહજ જીવન જીવી પરિવાર અને પ્રભુ સાથે વધુ સમયનો સહભાગ કરીએ.

**ત્રીજું :** આપણે પરિવારનું મહત્ત્વ સમજ્યા, સત્સંગના મહત્ત્વને જાણ્યું. વિપદાનો આ સમય કેવળ શરીર માટે જ નહીં, પરંતુ મન માટે પણ ઘણો વિકટ હતો. આર્થિક ભીંસ અને જવાબદારીઓના બોજ કપરા હતા. આવા સમયમાં આપણી સાથે આપણા પરિવારની હૂંફ, સેવા અને સમર્થન રહ્યાં ; તો, સત્સંગે અને સંતોએ આપણા મનની તંદુરસ્તી જાળવવા બહુ મોટું યોગદાન આપ્યું. આર્થિક દૃષ્ટિએ પણ જ્યાં આવશ્યકતા ઊભી થઈ ત્યાં સત્સંગીઓ પડખે રહ્યા. આ આપણને અનાયાસે પ્રાપ્ત થયેલી મૂડી છે. પરિવારમાં સંવાદિતા, પ્રેમ અને સૌહાર્દ વધારીએ અને સત્સંગમાં દેહ અને મન પરોવેલાં રાખીશું તો જીવન સમગ્ર સપરિવાર સ્વસ્થ અને સુખદ રહેશે.

**ચોથું :** ટૅકનોલૉજીના સકારાત્મક અને આધ્યાત્મિક ઉત્થાન અર્થે ઉપયોગ કરવા આ કોરોનાકાળે આપણને શીખવ્યું છે. સોશિયલ મીડિયા હોય, ડિજિટલ પ્લૅટફૉર્મ્સ હોય કે નાની-મોટી કમ્યુનિકેશન ઍપ્સ હોય - આ બધાંના ઉપયોગ-સત્સંગીઓ સવિશેષપણે, હકારાત્મક, ઉપયોગી અને સ્વાસ્થ્યવર્ધક પ્રવૃત્તિ માટે કરતા થયા; અને તેમાંય, સદ્સંગ અને સદ્ગુરુ-સદ્શાસ્ત્ર તથા ગુરુહરિની પરાવાણી અને પરાદર્શન સારુ મહત્તમ રીતે કરતા થયા. સંભવત: આ પહેલાંનાં સમયગાળા દરમિયાન આ બધી જ ટૅકનોલૉજિકલ સુવિધાઓ સહજ સુલભ હોવા છતાં, આપણે તેના સત્સંગ માટે ન્યૂનતમ ઉપયોગ જ કરતાને ! આ નવીન ટૅકનોલૉજી-ઉપયોગની તરેહ જાળવી રાખી તેના વધુ સર્જનાત્મક ઉપયોગ, વિકાસ અને સંવર્ધન દ્વારા આપણે મહત્તમ સમય સદ્ગુરુના સમાગમ અને સત્સંગ માટે વાપરીએ.

**પાંચમું :** આ કપરા કાળ દરમિયાન ગુરુહરિ સાહેબજીના વિશેષ સ્વરૂપનાં દર્શન થયાં ! તેઓની પ્રાર્થના અને આશીર્વાદના રક્ષાકવચે સદાય સર્વાંગ અને સર્વથા સુરક્ષિત રાખ્યા. તેઓની વત્સલ કરુણા અને જનનીસમ હેતે આપણી પીડા અને દુ:ખોની વેદના દૂર કરી. સવિશેષ તો, આપણને કલ્પના પણ ન આવે તે ઝડપે અને તેટલી ઊંચી આપણા સૌની એક સામૂહિક આધ્યાત્મિક પ્રગતિ સહેજે-સહેજે કરાવી. જેમ ધ્વનિ કરતાં પણ અધિક ગતિએ ઊડતા યાનમાં બેઠેલા અવકાશયાત્રીને તેની ઊર્ધ્વયાત્રાની ઝડપનો અંદાજ નથી આવતો, તેમ આજે ભલે આપણને આપણી અધ્યાત્મયાત્રાની ઝડપ અને પ્રગતિનો અંદાજ નથી; પરંતુ, આ દિવ્ય યાત્રા-જે આપણે આ સમયગાળા દરમિયાન સાહેબજીની કૃપાએ ખેડી છે, તે ખેડતાં સામાન્ય સમયમાં સંભવત: શતાબ્દીઓ અને જન્મો લાગે ! આવી કરુણાસભર કૃપા માટે સાહેબજીના શ્રીચરણોમાં ગદ્ગદ હૃદયે આપણા સાષ્ટાંગ પ્રણામ હજો !

તો, આ વિકટ સમયની કેટલીક (તથા અન્ય) સકારાત્મક ઉપલબ્ધિઓના વિચારને પામી, શેષ જીવનપર્યંત તેને જીવનવ્યવહારમાં સહજ આચરવા ચિંતન કરીએ, પ્રત્યન કરીએ, પ્રભુને પ્રાર્થના કરીએ !

દિવ્ય યુગના નવારંભના પગરવ સ્પષ્ટ સંભળાય છે. આ નૂતન દિવ્ય યુગમાં આપણું જીવન પૂર્ણતઃ પ્રભુનાં કાર્ય, પ્રભુની રીતે, આપણને કૃપાએ પ્રાપ્ત પ્રભુના પ્રગટ સ્વરૂપ સાહેબજીને રાજી કરવા સહજ રીતે જિવાય તેવી નૂતન વર્ષારંભે ગદ્ગદ ભાવસભર હૃદયની પ્રાર્થના છે !

હે પ્રભુ, સ્વીકારશો... કૃપા કરજો, દયાળુ ! ◆

**~ સાધુ મનોજદાસ**





સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ-૨૧ : 'મુદ્દાનું'નું નિરૂપણ,
૨૬ સપ્ટેમ્બર ૨૦૧૮, બ્રહ્મજ્યોતિ, મોગરી

**શ્રી** અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના પ્રવર્તાવી પ.પૂ. શાસ્ત્રીજી મહારાજે અદ્‌ભુત કાર્ય કર્યું છે. તે શુદ્ધ ઉપાસના સમજવા માટે શ્રીજી મહારાજની પરાવાણીરૂપી આ 'વચનામૃત' બહુ જ અગત્યનું છે. ભારતવર્ષમાં અને સમગ્ર વિશ્વમાં માણસો સુખ, શાંતિ અને આનંદની શોધમાં છે, જેને આપણે 'કલ્યાણ' કહીએ છીએ-એ કલ્યાણની શોધ કરી રહ્યાં છે. એમાં ઋષિમુનિઓ અને ભગવાનના અવતારોએ પ્રગટ થઈને કલ્યાણ માટેના, સુખ-સુવિધા ને આનંદ માટેના અનેક માર્ગ બતાવ્યા. ઘણા સિદ્ધાંતો પ્રચલિત થયા, ઘણી ઉપાસનાની પદ્ધતિઓ પ્રચલિત થઈ. જેવી રીતે વિજ્ઞાનમાં નવી નવી શોધ દ્વારા પ્રગતિ થતી જાય છે, મૉબાઈલનાં નવાં નવાં વર્ઝન આવતાં જાય છે, ગાડીઓમાં, ઘરની બધી સુવિધાઓમાં, આપણાં કપડાંમાં-બધાંમાં પ્રગતિ થાય છે, તો આધ્યાત્મિકતામાં પ્રગતિ ના થાય ? પહેલાંના સમયમાં બધે ચાલતાં જતા, સંસાર છોડીને ગુફામાં બેસી જતા, દાઢી-જટા વધારી, કપડાં બદલી, નામ બદલી દેતા; એ જ રીત હજી પણ ચાલતી રહે ? સ્વામિનારાયણ ભગવાને ૨૦૦ વર્ષ પહેલાં પધારીને આધ્યાત્મિકતામાં ઍડવાન્સમૅન્ટ કર્યું. આત્માના કલ્યાણ માટે જે કોઈ માર્ગ પ્રચલિત છે, તેમાં જે ઍડવાન્સમૅન્ટ થયું છે તે ૨૦૦ વર્ષ પહેલાં સ્વામિનારાયણ ભગવાને કર્યું.

આત્માના કલ્યાણ માટે શેની જરૂર છે ? આપણું શરીર છે તેનાં બધાં અંગો એક વખત ઝઘડવા લાગ્યાં. પગ કહે, 'જુઓ, હું છું તો શરીર ચાલી શકે છે. શરીરમાં મારું બહુ મોટું યોગદાન છે, હું જ મુખ્ય છું.' હાથ કહે, 'તું રહેવા દે, તું ચાલે છે પણ ખાઈશ કેવી રીતે ? લખીશ કેવી રીતે ? માટે હું જ સર્વસ્વ છું.' તો આંખ બોલી કે, 'હું ના હોત તો તમે દેખી જ ના શકત તો પછી ચાલત કેવી રીતે ? ખાત કેવી રીતે ?' તો નાક બોલ્યું, 'હું શ્વાસ ના લઉં તો તમે જીવશો કેવી રીતે ?' આ રીતે બધાં અંગો અલગ અલગ રીતે પોતાની મોટપ દેખાડીને કહેવાં લાગ્યાં કે, 'અમે જ સર્વસ્વ છીએ, અમે જ મુખ્ય છીએ.' એટલે એમના વચ્ચે બહુ ઝઘડો થવા લાગ્યો. આ બધાં ઝઘડી રહ્યાં હતાં તે આત્મા-જીવ બધું જોઈ રહ્યો હતો. તેણે મોટેથી કહ્યું, 'તમે સૌ મારી વાત સાંભળો. હું શરીરમાંથી નીકળી જાઉં છું, તમે બધાં રહો.' આત્મા શરીરમાંથી નીકળી જાય પછી હાથ, પગ, આંખ, નાકની શી કિંમત છે ? બધાં શૂન્ય થઈ જાય. તેથી બધાં કહે, 'ના, ના, તમે ના જશો.' શરીરનો મુખ્ય આધાર ચૈતન્ય-જીવ છે અને એનું જ મહત્ત્વ છે. એ જો શરીરમાંથી નીકળી જાય તો આ શરીરની કોઈ કિંમત રહેતી નથી. આપણું ગમે તેટલું પ્યારું હોય પણ જીવ નીકળી જાય પછી એ શરીરનો અગ્નિસંસ્કાર કરી દેવો પડે છે. એટલા માટે આ શરીરમાં જીવનું બહુ મહત્ત્વ છે. આ શરીરમાં કપડાં પહેરો, ઘરેણાં પહેરો, વાળ સરસ બનાવો, બ્યૂટીપાર્લરમાં જઈને મોં પર રંગરોગાન કરાવો; આ બધું જે કંઈ પણ કરો તેનાથી શરીર સુંદર લાગશે, પરંતુ શરીરની સુંદરતાનો પ્રાણ તો જીવ છે. જીવ હશે તો બધું હશે અને બધું સારું લાગશે. આ શરીરમાં જીવ છે તો તેની કિંમત છે. જેટલાં સારાં કપડાં પહેરો, જેટલાં સારાં ઘરેણાં પહેરો, શરીરની જેટલી સજાવટ કરો એટલા તમે સુંદર લાગશો, પરંતુ જીવને કારણે આ બધું છે.

ભગવાને કહ્યું કે, કલ્યાણને માટે જે બધું કરી રહ્યા છો તે બરાબર છે, પરંતુ, કલ્યાણ માટે ખરેખર અગત્યનું શું છે ? મુખ્ય કઈ બાબત

છે ? તે સ્વામિનારાયણ ભગવાન આ 'વચનામૃત'માં બતાવે છે, જેને કહે છે 'મુદ્દાનું' વચનામૃત. સ્વામિનારાયણ ભગવાન મુદ્દાની વાત કરે છે. આ વાત જો સમજાય પછી તમે ધર્મ, નિયમ બધું કરો તો તમારી શોભા વધશે.

ગુણાતીતાનંદ સ્વામીએ બહુ ટૂંકમાં કહ્યું કે, એક શૂન્યનું મૂલ્ય શું ? – શૂન્ય. તેની પાછળ બીજું શૂન્ય લગાવીએ તો તેનું મૂલ્ય શું ? – શૂન્ય. ત્રીજું શૂન્ય લગાવીએ તો તેનું મૂલ્ય શું ? – શૂન્ય. એક સાથે સો શૂન્ય લગાવો તો પણ તેનું મૂલ્ય શૂન્ય જ રહે. પરંતુ શૂન્યની આગળ એકડો લગાવીએ તો – દશ, તેની પાછળ બીજું શૂન્ય લગાવીએ તો એકસો, ત્રીજું શૂન્ય લગાવીએ તો એક હજાર. જેમ જેમ ઝીરોની સંખ્યા વધતી જાય તેમ તેમ તેનું મૂલ્ય પણ વધતું જાય. આ બધું મૂલ્ય આગળના એકડાને કારણે છે. એકડાનું મહત્ત્વ છે, ઝીરોનું કોઈ મૂલ્ય નથી. એ જ રીતે આત્માના કલ્યાણ માટે શું મહત્ત્વનું છે તે વાત સ્વામિનારાયણ ભગવાન આ 'વચનામૃત'માં કહે છે. એટલે પરમહંસોએ આ વચનામૃતનું નામ આપ્યું – 'મુદ્દાનું' વચનામૃત.

સંવત ૧૮૭૮ ફાગણ સુદિ-૧૫ પૂનમને દિવસે – હોળીના દિવસે – ભગતજી મહારાજના જન્મદિવસે શ્રી વાસુદેવ નારાયણના મંદિરની સામે ચોક છે ત્યાં મહારાજે આ વાત કરી છે.

**પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'કીર્તન રહેવા દ્યો ને સર્વે સૂરત દઈને સાંભળો, એક વાર્તા કરીએ છીએ.'**

કૃપાવાક્ય ! સામેથી મહારાજ બોલ્યા કે, 'ભજન-કીર્તન રહેવા દો, અમે વાત કરીએ છીએ તેને તમે સૂરત દઈને-એટલે કે, ધ્યાનથી સાંભળો.' કારણ કે આપણે બેઠા હોઈએ, પણ મનમાં બીજું જ ચાલતું હોય. એટલે મહારાજને કહેવું પડ્યું કે, 'આ જે વાત કહેવા માગું છું એ અગત્યની વાત છે એટલે સૂરત દઈને સાંભળો, ધ્યાન દઈને સાંભળો.'

**જેટલા કલ્યાણને અર્થે વ્યાસજીએ ગ્રંથ કર્યા છે તે સર્વે સૂરત રાખીને અમે સાંભળ્યા.**

ભગવાન આપણા ઉપર કેટલી મોટી કૃપા કરે છે ! વ્યાસ ભગવાને આત્માના કલ્યાણ માટે જે બધાં શાસ્ત્રો રચ્યાં, એ બધાં શાસ્ત્રોને મહારાજે સૂરત દઈને, ધ્યાનથી સાંભળ્યાં છે. આપણને જો કહ્યું હોત કે, બધાં શાસ્ત્રો તમે વાંચો પછી તમને વાત કરું, તો આપણને તો ટાઈમ જ નથી. વાંચવાનોય ટાઈમ નથી ને સમજવાનોય ટાઈમ નથી. શાસ્ત્રો ક્યાં છે એય ખબર નથી ! પછી ક્યાં વાંચીએ ? પણ ભગવાનની આપણા ઉપર કેટલી કૃપા, કેટલી બધી દયા ! આપણને સુખિયા કરવાની એમના હૈયામાં કેટલી બધી તાલાવેલી ! કે, બધાં શાસ્ત્રો સૂરત દઈને વાંચ્યાં છે, ધ્યાનથી સાંભળ્યાં છે અને પછી બધાં શાસ્ત્રોનો સાર આપણને કહે છે.

**તે સર્વે શાસ્ત્રમાં એ જ સિદ્ધાંત છે અને જીવના કલ્યાણને અર્થે પણ એટલી જ વાત છે જે, આ સર્વ જગત છે તેના કર્તાહર્તા એક ભગવાન છે.**

બધાં શાસ્ત્રોમાં એક જ સિદ્ધાંત છે. જીવના કલ્યાણ માટે એટલી જ વાત છે કે, આ સર્વ જગતના કર્તાહર્તા એક ભગવાન જ છે. મહારાજે મુદ્દો કહ્યો કે, 'કર્તાહર્તા ભગવાન છે.' અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસનામાં પહેલું જ સ્ટેપ છે : ભગવાન કર્તાહર્તા છે. મારા જીવનમાં જે કંઈ પણ થયું છે, થઈ રહ્યું છે અને થશે એના પ્રેરક, પ્રવર્તક ભગવાન છે. બીજાને માનીએ એ અજ્ઞાન છે.

**અને એ સર્વે શાસ્ત્રને વિષે ભગવાનનાં ચરિત્ર છે કાં ભગવાનના સંતનાં ચરિત્ર છે. અને વર્ણાશ્રમના ધર્મની જે વાર્તા છે અને તેનું ફળ જે ધર્મ, અર્થ અને કામ છે ; તેણે કરીને કાંઈ કલ્યાણ થતું નથી અને કેવળ વર્ણાશ્રમના ધર્મ વતે તો સંસારમાં કીર્તિ થાય ને દેહે કરીને સુખિયો રહે એટલું જ ફળ છે.**

જીવના કલ્યાણ માટે મૂળ મુદ્દો એક જ છે કે,
આ સર્વ જગતના કર્તાહર્તા એક ભગવાન જ છે.
અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસનામાં પહેલું જ સ્ટેપ છે :
ભગવાન કર્તાહર્તા છે.
મારા જીવનમાં જે કંઈ પણ થયું છે, થઈ રહ્યું છે અને થશે
એના પ્રેરક, પ્રવર્તક ભગવાન છે.
બીજાને માનીએ એ અજ્ઞાન છે.





**જેટલું પરોક્ષ ભગવાનનું માહાત્મ્ય છે, એટલું જ માનવરૂપે પ્રત્યક્ષ જીવંત છે તે ભગવાનના સાધુનું જો માહાત્મ્ય સમજે તો કલ્યાણના સર્વ મુદ્દા હાથ આવે, કાંઈ કરવાનું રહ્યું નહીં, લ્યો !**

બે વસ્તુ છે. એક તો ભગવાન કર્તાહર્તા છે અને બધાં શાસ્ત્રોમાં ભગવાનનાં ચરિત્રો છે કાં સંતનાં ચરિત્રો છે. અને વર્ણાશ્રમના જે ધર્મ – બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શૂદ્ર; તે સૌ પોતપોતાના ધર્મમાં રહીને જીવતા હોય. તેમજ ત્યાગાશ્રમ અને ગૃહસ્થાશ્રમ ! સારી રીતે તમે જીવન જીવો તો ધર્મ, અર્થ અને કામ; એ ત્રણ વસ્તુ તમને મળે, મોક્ષ નહિ. જગતમાં તમારી કીર્તિ વધે. જેમ ભીષ્મપિતામહ નૈષ્ઠિક બ્રહ્મચારી હતા, યુધિષ્ઠિર સત્યવાદી હતા. યુધિષ્ઠિરને બધા પૂછવા જાય, ભીષ્મ-પિતામહને બધા જઈને પગે લાગે. ઘણા બધા એવા સાત્ત્વિકભાવમાં પોતાનું જીવન જીવતા હોય છે. ખોટું ના બોલવું, સારા રહેવું, બીજાને મદદરૂપ થવું, સ્કૂલો બાંધવી, હૉસ્પિટલો બાંધવી, ગામની સફાઈ કરવી; આવાં બધાં સારાં સારાં કામો કરતા હોય તેનાથી ધર્મ, અર્થ ને કામ – ધર્મમાં રહીને ભક્તિ કરતા હોય એટલે જગતમાં કીર્તિ મળે. જગતમાં પાંચ-પચ્ચીસ જણ કહેનારા મળે કે, ‘આ ભાઈ બહુ સારા છે, કોઈ દિવસ ખોટું ના બોલે, સીધાસટ માણસ છે.’ પાંચ જણ એની સલાહ લેવા આવે અને તે જ્યાં જાય ત્યાં આવકાર મળે. પણ એને કરીને કંઈ કલ્યાણ થતું નથી. જગતમાં કીર્તિ વધે, માન મળે, પાંચ-પચ્ચીસ જણ પૂછનારા મળે, વાહવાહ થાય અને દેહે કરીને સુખિયો રહે એ એનું ફળ છે, પણ આત્માને કંઈ ના મળે.

**અને કલ્યાણને અર્થે તો ભગવાનને સર્વકર્તાહર્તા જાણવા એ જ છે. અને જેવું પરોક્ષ ભગવાનના રામ-કૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય જાણે છે તથા નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાન, ઉદ્ધવ ઇત્યાદિક જે પરોક્ષ સાધુ તેનું જેવું માહાત્મ્ય જાણે છે તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાનના ભક્ત સાધુ તેનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈયે સમજવું બાકી રહ્યું નહીં.**

આ મુદ્દો કહ્યો ! કલ્યાણને અર્થે ભગવાનને સર્વકર્તાહર્તા જાણવા તે જ છે. હવે એ ભગવાન ક્યાં છે એ વાત તે બીજું સ્ટેપ ! પરોક્ષ ભગવાન એટલે જે થઈ ગયા એ. ભગવાન શ્રી રામ થઈ ગયા, ભગવાન શ્રી કૃષ્ણ થઈ ગયા. તમે જુઓ તો, શ્રી રામ-શ્રી કૃષ્ણ આદિ અવતારોનું કેટલું બધું માહાત્મ્ય છે ! મુંબઈમાં શ્રી ગણેશ વિસર્જન વખતે લાખો લોકો ભેગાં થાય છે, પડે એના કટકા ! પરોક્ષ દેવને વિશે આટલા બધા માણસો ખેંચાય છે, એ માહાત્મ્ય છે પરોક્ષ ભગવાનોનું અને નારદ, સનકાદિક, શુકજી આદિ પરોક્ષ સંતોનું !

**પરોક્ષ સાધુ તેનું જેવું માહાત્મ્ય જાણે છે તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાનના ભક્ત સાધુ તેનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈયે સમજવું બાકી રહ્યું નહીં.**

જોયું, સ્વામિનારાયણ ભગવાને આત્માના કલ્યાણ માટે કેટલી સરળતા કરી આપી ! શ્રી રામ-કૃષ્ણાદિક પરોક્ષ અવતારોનું અને નારદ, સનકાદિક પરોક્ષ સંતોનું જેવું માહાત્મ્ય છે તેવું જ માહાત્મ્ય પ્રત્યક્ષ ભગવાન અને ભગવાનના સંતનું સમજે એવું મહારાજે કહ્યું, પણ પોતાનું નામ ના દીધું. પોતે બિરાજમાન છે – સહજાનંદ સ્વામી, સ્વામિનારાયણ ભગવાન, એમનું માહાત્મ્ય અને એમના પરમહંસો – ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી આદિ જે સંતો એમનું માહાત્મ્ય જો સમજાય તો એને સર્વ મુદ્દા હાથ આવી જાય.

આ એક જ વસ્તુ સમજવાની છે. ભગવાનનો આશરો – ‘હું તમારો ને તમે મારા !’ એના માટે કર્તા-હર્તા ભગવાન જ છે, કોઈ બીજો છે જ નહીં. બીજાને માને એ જ એનું અજ્ઞાન છે. મારા જીવનમાં સુખના દેનારાય ભગવાન છે અને દુઃખમાંથી મને ઉગારનારા પણ મારા ભગવાન છે; એવું માનીએ. એ ભગવાન ક્યાં છે ? તો એ ભગવાન માનવરૂપે, સાધુરૂપે મને મળ્યા છે. એટલે જેટલું પરોક્ષ ભગવાનનું માહાત્મ્ય છે, એટલું જ માનવરૂપે પ્રત્યક્ષ જીવંત છે તે ભગવાનના સાધુનું જો માહાત્મ્ય સમજે તો એને કલ્યાણના સર્વ મુદ્દા હાથ આવે, એને કાંઈ કરવાનું રહ્યું નહીં, લ્યો !

**તે આ વાર્તા એક વાર કહ્યે સમજો અથવા લાખ વાર કહ્યે સમજો, આજ સમજો અથવા લાખ વર્ષ કેડે સમજો પણ એ વાત સમજ્યે જ છૂટકો છે.**

સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે, પરોક્ષ દેવને વિશે જેવી પ્રતીતિ છે, પરોક્ષ દેવનું જેવું માહાત્મ્ય છે, એવું માહાત્મ્ય પ્રગટ સાધુનું અને પ્રગટ પ્રભુનું સમજાય; આ વસ્તુ જ આત્માના કલ્યાણ માટે અગત્યની છે. અને આ વસ્તુ તમે એક વાર કહ્યે સમજો અથવા લાખ વાર કહ્યે સમજો, આજે સમજો કે લાખ વર્ષ પછી સમજો, પણ આત્માનું કલ્યાણ કરવું હોય તો આ વાત સમજ્યે જ છૂટકો છે. એ વગર 'નો વૅ (No Way)' - એ મુદ્દો મહારાજ કહે છે.

આપણે કેટલા બધા ભાગ્યશાળી, નસીબદાર કે સ્વામિનારાયણ ભગવાને કૃપા કરી ! માનવરૂપમાં વિચરતા ભગવાનના સ્વરૂપને ઓળખવું, માનવરૂપે વિચરતા સાધુને ઓળખવા, અઘરામાં અઘરું છે; કારણ આપણો માયિકભાવ છે. આપણી સાથે હરે-ફરે, બોલે-ચાલે, ખાય-પીએ, આપણા મગજમાં ફિટ થાય એવી ક્રિયા કરે-ના કરે, આપણી ઈચ્છા પ્રમાણે વર્તે-ના વર્તે; આ બધાંને લીધે માયિકભાવ આવી જ જાય. પણ ભગવાને એક સહેલી રીત અપનાવી. એમણે આપણને અસાધારણ હેત કર્યું, આત્મબુદ્ધિ-પ્રીતિથી બાંધ્યા. અને જેને વિશે હેત હોય, જેને માટે પ્રેમ હોય એ હંમેશાં નિર્દોષ ને દિવ્ય લાગે.

મા-બાપને એનું બાળક ગમે તેવું વાંદરપૂંછડિયું હોય તોય વહાલામાં વહાલું લાગે. અને બીજાનું છોકરું એકદમ હોશિયાર હોય તોય કહે કે, 'મારા છોકરા જેવો નહીં.' એને પોતાનું બાળક જ વહાલું લાગે. એમ, સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય તો તેઓ વહાલા લાગે. વહાલા લાગે તો એમના વિશે માયિકભાવ આવવાની શક્યતા ઘટી જાય, યાદ રાખો ! અને જ્યાં સુધી દેહભાવ છે ત્યાં સુધી મનુષ્યભાવ આવવાનો છે. જેમ જેમ દેહભાવ ઓગળતો જાય એમ એમ દિવ્યભાવ-નિર્દોષભાવ વધતો જાય. અને એ દેહભાવ ઓગાળવા માટે મહારાજે કહ્યું, 'ભગવાનને કર્તાહર્તા માનો. જેવો પરોક્ષ દેવનો ને પરોક્ષ સાધુનો મહિમા છે, એવો મહિમા પ્રત્યક્ષ સાધુનો સમજો.' એટલા માટે કથાવાર્તા રાખો, ધૂન-ભજન-પ્રાર્થના કરો અને મન-કર્મ-વચને માહાત્મ્યયુક્ત સેવા કરો. આ જેટલું થતું જશે તો પ્રભુ પ્રસન્નતાથી આપણો દેહભાવ ઓગળતો જશે, નિર્દોષભાવ-દિવ્યભાવ વધતો જશે, આપણને હળવાશ થશે, આનંદ આવશે, શાંતિ થશે, સુખ આવશે. સુખ, શાંતિ ને આનંદ મેળવવા માટે આ સહેલામાં સહેલો રસ્તો છે. છતીદેહે આત્માનું કલ્યાણ થશે.

**નારદ, સનકાદિક, શુકજી, બ્રહ્મા, શિવ એમને પૂછો તો પણ ડાહ્યા છે તે અનેક વાતની યુક્તિ લાવીને પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંત તેને જ કલ્યાણના દાતા બતાવે, અને જેવું પરોક્ષ ભગવાન ને પરોક્ષ સંતનું માહાત્મ્ય છે તેવું જ પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંતનું માહાત્મ્ય બતાવે. અને એટલો જેને દૃઢ નિશ્ચય થયો હોય તેને સર્વે મુદ્દો હાથ આવ્યો.**

શુક, સનકાદિક, નારદ કોઈ પણ સંતને પૂછો તો તેઓ ડાહ્યા છે એટલે ગમે તે રીતે ગોળગોળ કરીને તમને આ જ વાત કહેશે અને પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંતને જ કલ્યાણદાતા બતાવશે. અને પરોક્ષ ભગવાન ને પરોક્ષ સંતના જેવું જ માહાત્મ્ય પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંતનું બતાવશે. આ મુખ્ય મુદ્દો હાથમાં આવી ગયો કહેવાય. આપણી આગળ ઘણી વખત કોઈ લાંબીલચક વાત કરતો હોય તો આપણે કહીએ કે, 'બીજી વાત મેલ અને મુદ્દાની વાત કહે કે, તું શું કહેવા માંગે છે ?' એમ ઘણાં શાસ્ત્રોમાં લાંબી લાંબી વાતો કરી હોય, ઘણી જગ્યાએ લાંબાં લાંબાં પારાયણો થતાં હોય ત્યારે થાય કે, મુદ્દો કહોને ! મહારાજે આ એક વચનામૃતમાં મુદ્દો કહી દીધો. પ્રગટ ભગવાન ને ભગવાનના સાધુનો જેવો છે તેવો મહિમા સમજાય તો આત્માનું કલ્યાણ કરવા માટે કાંઈ

**કથાવાર્તા રાખો, ધૂન-ભજન-પ્રાર્થના કરો અને**
**મન-કર્મ-વચને માહાત્મ્યયુક્ત સેવા કરો.**
**આ જેટલું થતું જશે એટલો દેહભાવ ઓગળતો જશે,**
**નિર્દોષભાવ-દિવ્યભાવ વધતો જશે,**
**આપણને આનંદ આવશે, શાંતિ થશે, સુખ આવશે.**
**છતીદેહે આત્માનું કલ્યાણ થશે.**





ભગવાન ને સાધુ મળ્યા એટલે
આત્માનું કલ્યાણ થઈ ગયું,
પણ સ્થૂળ દેહે કરી ભગવાનનું સાચું સુખ ભોગવવું હોય
તો પછી કથાવાર્તામાં,
ધૂન-ભજન-પ્રાર્થનામાં અને
માહાત્મ્યયુક્ત સેવામાં આ સ્થૂળ દેહને વાપરો.

કરવાની જરૂર નથી. પછી નિયમ-ધર્મ પાળી, મર્યાદામાં રહીને ભક્તિ કરીએ, મન-કર્મ-વચને સેવા કરીએ, ધૂન-ભજન-પ્રાર્થના કરીએ, કથાવાર્તાથી માહાત્મ્યમાં વધારો કરતા જઈએ તો હૈયામાં હળવાશ, આનંદ, શાંતિ વધતાં જાય.

અત્યારે શ્રાદ્ધના દિવસો ચાલે છે. એમાં ખીર, બાસુંદી, દૂધપાક એવો બધો સવાર-સાંજ ભારે ખોરાક ખાઈએ પણ થોડી ઍક્સરસાઇઝ કરીએ, ચાલીએ તો ખાવાનું પચી જાય. પણ પચે એવી મૂવમૅન્ટ ના કરીએ તો પછી શરીરમાં શું થાય ? ગૅસ થાય, ઍસિડિટી થાય, માથું દુઃખે એવી તકલીફ થાય. એમ, ભગવાન ને સાધુ મળ્યા એટલે આત્માનું કલ્યાણ થઈ ગયું, પણ સ્થૂળ દેહે કરી ભગવાનનું સાચું સુખ ભોગવવું હોય તો પછી કથાવાર્તામાં, ધૂન-ભજન-પ્રાર્થનામાં અને માહાત્મ્યયુક્ત સેવામાં આ સ્થૂળ દેહને વાપરો. નિયમ-ધર્મની મર્યાદામાં રહીને એને જેટલો વાપરીશું એટલું પ્યૉરિફિકેશન થતું જશે અને આપણને ભગવાનની પ્રસન્નતાથી છતીદેહે અક્ષરધામનાં સુખ, શાંતિ, આનંદ વધતાં જશે. આપણા ઉપર એ મૂક્યું છે. તમારે આનંદપૂર્વક અક્ષરધામરૂપ થવું હોય તો આ કર્યા કરો.

**અને કોઈ કાળે તે કલ્યાણના માર્ગ થકી પડે નહીં.**

આ જો મુદ્દો હાથમાં આવી ગયો તો પછી કોઈ કાળે પડે જ નહીં. મહારાજે 'કોઈ કાળે' શબ્દ વાપર્યો છે. ભૂતકાળ, વર્તમાનકાળ ને ભવિષ્યકાળ – એ ત્રણેય કાળમાં ગમે ત્યાં જાવ, ગમે ત્યાં બેસો, ગમે તે કરો પણ જો આ મુદ્દો પકડાઈ ગયો તો કલ્યાણના માર્ગથી એને પડવું હોય તોય પડાય નહીં. કોઈ કાળે પડે નહીં, લ્યો !

**જેમ બ્રહ્મા, શિવ, બૃહસ્પતિ અને પરાશરાદિક તે કામાદિકે કરીને ધર્મ થકી પડ્યા તો પણ પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંત તેનો પરોક્ષના જેવો જો માહાત્મ્યે યુક્ત નિશ્ચય હતો તો કલ્યાણના માર્ગમાંથી પડ્યા નહીં. માટે સર્વ શાસ્ત્રનું રહસ્ય આ વાર્તા છે.**

બ્રહ્માને પરણવાનું મન થયું. પરાશર ને શિવજી – આ બધા ધર્મમાંથી પડ્યા, પણ ભગવાનને વિશે દૃઢ નિષ્ઠા હતી તો કલ્યાણના માર્ગમાંથી પડ્યા નહીં, પાછા ખંખેરીને ઊભા થઈ ગયા. સર્વ શાસ્ત્રના રહસ્યરૂપ સ્વામિનારાયણ ભગવાને આપણને ખાસ આ મુદ્દો બતાવ્યો. આપણને આ મુદ્દો શાસ્ત્રીજી મહારાજે સમજાવ્યો એટલે આપણે મંદિરમાં પધરાવવા માટે શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજની મૂર્તિઓ સોનાની બનાવીએ છીએ. અનંત જન્મોથી માણસ ફાંફાં જ મારે છે. અંધારામાં પથરા માર્યા કરે છે, પણ મુદ્દો હાથમાં ના આવ્યો. પણ શાસ્ત્રીજી મહારાજે આ વાત અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના દ્વારા આપણને આપી.

હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ આગળ તમે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ધૂન કરો તો હરિકૃષ્ણ મહારાજ તમારા સંકલ્પ-મનોરથ પૂરા કરશે. પણ એમની આગળ જઈને ધૂન કરો કે, મારે મારા આત્માનું કલ્યાણ કરવું છે, મારો આ મનોરથ-સંકલ્પ પૂરો કરો તો હરિકૃષ્ણ મહારાજ તમને એવા ગુણાતીત સાધુ પાસે મોકલશે. શ્રી ગોરધનભાઈ કોઠારીએ હરિકૃષ્ણ મહારાજ પાસે જઈને ધૂન કરી, તો હરિકૃષ્ણ મહારાજે કહ્યું, 'ભગતજીને મળો.' ગુણાતીતાનંદ સ્વામી પછી ભગતજી મહારાજ ગુણાતીતભાવને પામેલા-જેમના થકી ભગવાન પ્રગટ હતા. ભગતજીને મળવાનું કહ્યું તો એમને મનાયું જ નહીં. ગોરધનભાઈને થયું કે, આ ભગતજી સભામંડપમાં બેઠા બેઠા કપડાં સિવ્યા કરે છે એમને મારે શું કામ મળવું ? એટલે હરિકૃષ્ણ મહારાજ પાસે ફરી પાછી એમણે ધૂન કરી. ત્યારે હરિકૃષ્ણ મહારાજે કહ્યું, 'ભગતજીને મળો.' ત્યાર પછી તેઓ ભગતજી મહારાજ પાસે ગયા, તમે વિચાર કરો ! સ્વામિનારાયણ ભગવાને વરદાન આપ્યું કે, આ મૂર્તિ આગળ આવીને ધૂન કરશો તો તમારા સંકલ્પ-મનોરથ પૂરા કરીશ. પણ આપણે જઈને આત્માના કલ્યાણનો સંકલ્પ-મનોરથ કરીને ધૂન કરીએ તો એ ક્યાં બતાવશે ? પ્રગટ સાધુને વિશે બતાવશે, આપણને

એમનામાં જોડશે. શ્રી હરિકૃષ્ણ મહારાજે શ્રી ગોરધનભાઈને સમજાવ્યું કે, એ ભગતજી મહારાજ થકી હું પ્રગટ છું, ત્યાં જઈને તેમને મળો તો ત્યાં તમારું કામ થશે.

પરોક્ષભાવની ભક્તિ કરતાં કરતાં ભગવાન રાજી થાય તો તેઓ આપણને પ્રગટ સત્પુરુષને વિષે જોડે. તો એ સત્પુરુષ કયા ? એ વાત શાસ્ત્રીજી મહારાજે ચોખ્ખીચણાક સમજાવી કે, ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરબ્રહ્મનો અવતાર છે. સ્વામિનારાયણ ભગવાને અનંત જગ્યાએ કહ્યું કે, 'આ અમારું અક્ષરધામ છે. એમના થકી અમે આ પૃથ્વી પર પ્રગટ રહીશું અને એવા ગુણાતીતભાવને પામેલા સાધુ થકી અમે આ પૃથ્વી પર અખંડ રહીશું.' તો એ ગુણાતીતભાવને પામેલા સાધુની મૂર્તિ પ્રભુ સાથે પૂજાય, અક્ષરપુરુષોત્તમનો સિદ્ધાંત ઘરોઘર સ્થાપિત થાય, અને એ અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતને સનાતન રાખવા માટે તેઓએ મંદિરો બનાવ્યાં, જેમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ પધરાવી શાસ્ત્રીજી મહારાજે ખરેખર બહુ મોટું કામ કર્યું ! આ મુદ્દો એમણે આપણને આપ્યો.

એનાથી આગળ જઈને યોગીજી મહારાજે ખૂબ કૃપા કરી ! એટલી બધી આહ્‌લેક જગાડી ! એટલો બધો પ્રેમ કરીને બધાને પોતાનામાં ખેંચ્યા ! અમે બધા જુવાનિયાઓ બાપામાં ખેંચાયા. બાપા શું કરી રહ્યા છે એ પ્રૉસેસ અમને ખબર નહોતી. પણ બાપાએ વિશેષ કૃપા કરી દાદુકાકાને સાક્ષાત્કાર કરાવ્યો. અને દાદુકાકાએ શુદ્ધ ઉપાસનાની સાચી વાત મૂકી ને ઢંઢેરો પીટ્યો કે, અક્ષરધામમાં જે મહારાજ છે, એ જ મહારાજ યોગીજી મહારાજ રૂપે આપણને મુખોમુખ મળ્યા છે એ ભાવથી એમનાં દર્શન કરો, એ ભાવથી એમની વાત સાંભળો, એ ભાવથી એમની આજ્ઞા પાળો, એ ભાવથી એમની સેવા કરો. આ આખી જે વાત તે દાદુકાકાએ સમજાવી અને ગોકીરો કર્યો. દાદુકાકાની વાતોમાં પ્રગટની જ વાત હોય. એમણે ગુણગાન ગાયાં યોગીબાપાનાં, પ્રમુખ સ્વામીજી, મહંત સ્વામીજી, હરિપ્રસાદ સ્વામીજી, પપ્પાજી, ગુરુજી, કોઠારી સ્વામીજીનાં, અશ્વિનભાઈ, શાંતિભાઈ ને સંતોનાં. દાદુકાકાનું કોઈ પણ પ્રવચન તમે સાંભળો તો સતત પ્રગટ સાધુનાં જ ગુણગાન ને મહિમા ગાઈને આધ્યાત્મિકતામાં આખા સમાજને તેઓ ખરેખર ખૂબ ઊંચે લઈ ગયા. એ મહિમાના પૂરમાં અમહિમા, ભાવફેર, માથાકૂટમાં જે બધા દુ:ખી થતા હતા એમાંથી આપોઆપ એમણે સૌને બહાર કાઢી નાખ્યા. કાકાજીએ ખરેખર આપણા માટે બહુ મોટું કામ કર્યું. કાકાજી માટે બધાને પ્રેમ હતો એટલે એમની વાત જેમણે જેમણે માની એ સૌને આ મુદ્દો પકડાયો, તો કલ્યાણના માર્ગે અને અક્ષરધામરૂપ રહેવાના માર્ગે સૌ ચાલવા માંડ્યા.

આપણને ખરેખર શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, દાદુકાકા, પપ્પાજી, મહંત સ્વામી, હરિપ્રસાદ સ્વામી, અશ્વિનભાઈ, શાંતિભાઈ; આ અદ્‌ભુત સાધુઓની ભેટ મળી છે ! એમનો જેટલો મહિમા ગાઈએ, જેટલો મહિમા સમજીએ, એમનામાં જેટલા હેત-પ્રેમથી ગળાડૂબ રહી આજ્ઞા પાળીએ તેટલો દેહભાવ આપોઆપ ઓગળી જશે, ઓગાળવો નહીં પડે. આપોઆપ બધું થતું જશે, કરવું નહીં પડે. ધ્યાન એક જ રાખવાનું કે, ગમે ત્યાં હોઈએ, ગમે તેવા સંજોગો હોય, ગમે ત્યાં જઈએ પણ ભગવાન ને ભગવાનના ભક્તોના ને ખાસ કરીને પોતાના ઈષ્ટદેવ અને પોતાના ગુરુ અને સંતોને વિશે ભાવફેરની વાતોમાં પડીએ જ નહીં. કરીએ પણ નહીં અને ચલાવી પણ ના લઈએ. આ રીતે જો જીવીશું તો, ભગવાને કહ્યું એ મુદ્દો હાથમાં આવ્યો છે, તો ખરેખર સુખિયા થઈ ગયા છીએ.

શાસ્ત્રીજી મહારાજ યોગીજી મહારાજના પ્રતાપે, કાકાજી-પપ્પાજી, પ્રમુખ સ્વામીજી, મહંત સ્વામીજી, હરિપ્રસાદ સ્વામીજી, અશ્વિનભાઈ, શાંતિભાઈના પ્રતાપે આપણો સમાજ આધ્યાત્મિક ઊંચાઈ પર જીવી રહ્યો છે. અને એના માટે આપણું આ મંદિર તૈયાર થઈ રહ્યું છે, એમાં આપણે બધાએ હોમાવું છે, સમર્પિત થવું છે.

સહજાનંદસ્વામી મહારાજની જય ! ◆

ધ્યાન એક જ રાખવાનું કે,
ગમે ત્યાં હોઈએ, ગમે તેવા સંજોગો હોય, ગમે ત્યાં જઈએ
પણ ભગવાન ને ભગવાનના ભક્તોના ને
ખાસ કરીને પોતાના ઈષ્ટદેવ અને ગુરુ અને સંતોને વિશે
ભાવફેરની વાતોમાં પડીએ જ નહીં.
કરીએ પણ નહીં અને
ચલાવી પણ ના લઈએ.



# 'સ્વામિનારાયણ' મંત્ર મહાપ્રતાપી

સાચા હૃદયના ભાવથી રટણ કરીએ
શ્રીજી સ્વામી આજે પ્રગટ છે
સ્વામી ને શ્રીજી 'સાહેબજી'માં પ્રત્યક્ષ છે
તે સ્વરૂપ જે મને મળ્યું ને મનાયું
તેની સ્મૃતિ સાથે કરીએ... સર્વ અર્થ સરે
નવું વર્ષ બેઠું... નવું વર્ષ હવે આવે છે...
તે શુભ મંગલે પ્રાર્થીએ... માગીએ...
અમારાં પ્રત્યેક કર્મ ભક્તિરૂપ હો
પ્રગટ–પ્રત્યક્ષને પ્રસન્ન કરવા જ હો
જીવનમાં જે કંઈ બને છે... ગમતું કે ન ગમતું
તેના કર્તા–હર્તા પ્રભુ ! જે મને મળ્યા છે
જે મારા અંતરે બિરાજ્યા છે ને પ્રેરણા વહાવે છે
શુભ જે થાય તેને આવકારી પ્રસન્ન થાય છે
પ્રભુને ન ગમતું થાય ત્યાં રોકે છે.
શુભ અને સત્ય પ્રતિ દોરે છે ને બળ દે છે
ગમતું થયું તેનો કરનારો પ્રભુ 'તું' તે મનાવે છે
ન ગમતું થાય તે કરે તું... મને સ્થિર રાખે છે
બંને સ્થિતિમાં કર્તા–હર્તા મનાવી આનંદમાં રાખે છે
નૂતનવર્ષમાં આ ભાવને દૃઢ કરાવ્યો... શાશ્વત કરો
અમને સાચી ઉપાસના સમજાવી છે... તે કૃપા કરી
આ નૂતનવર્ષે તે ઉપાસના પ્રતિપળ જીવતા કરો
આપનાં જે અમે સૌ જે પ્રત્યક્ષનાં પૂજારી
તે સૌ આપની મૂર્તિમાં રહી અખંડ ભજન કરે
'સ્વામિનારાયણ' જપતાં રહે ને ક્રિયા કરતાં રહે
પરિણામે નિર્ગુણભાવનાં જીવન જીવતાં રહે
તેવાં બળ આપો... જાગ્રતતા ને જાણપણે જીવતાં કરો
આપને... 'પ્રગટ પ્રત્યક્ષને અખંડ રાજી કરવા જીવતાં રહો'
તે આશિષ અર્પો... નૂતન વર્ષ મંગલમય દિવ્ય બનાવો !

સાધુ શાન્તિદાસના જય સ્વામિનારાયણ.

સંવત... ઈ.સ. બે વર્ષના મધ્યે પ્રાર્થના ધરી.
બ્રહ્મજ્યોતિ, ૬.૧૨.૨૦૨૦,
૩૧ ડિસેમ્બર, 'સ્વામિનારાયણ' મહામંત્ર ઉદ્‌ઘોષ દિવસ.



## સાધુ હૃદયની પ્રાર્થનાગંગા





# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા

**વચનામૃત મર્મ : ગઢડા પ્રથમ પ્રકરણ-૨૭, 'ભગવાન અખંડ નિવાસ કરી રહે તેવી સમજણનું'નું નિરૂપણ**

**૨૨ માર્ચ ૨૦૧૮, વચનામૃત પારાયણ, ઉપાસના ધામ, વેમાર**

(ગતાંકથી ચાલુ... આ અંકે પૂર્ણ.)

ગુણાતીતાનંદ સ્વામીની એક બહુ સુંદર વાત છે કે, 'ભગવાન એ સાધુ કહે એમ કરે છે, ભગવાન એ કહે એમ ફરે છે, ભગવાન એમનામાં રહ્યા છે.' ગુણાતીતાનંદ સ્વામીએ સાધુના મહિમાની કેટલી બધી વાતો કરી છે ! આ પારાયણ કરવાનું આપણું પ્રયોજન ભગવાનના સાધુના મહિમાની વાત કરવા માટેનું છે. આપણે ક્યાંય પણ જઈએ, કશું પણ જોઈએ, તો મારા પ્રભુ, મારા ગુરુની સાથેનો એનો સંબંધ જોડ્યો તો એ ભજન કરતાં કરતાં ક્રિયા થઈ ગઈ ! પધરામણીમાં શરીર અમે બેસાડ્યું, પધરામણીમાં પ્રસાદ અમને ધરાવ્યો, ભાલે તિલક અમને થયું ; પણ છબી પેલી દેખાઈ કે, સાહેબદાદા મોરપીંછના સિંહાસન પર બેઠા છે, એ મારા ગુરુ, એ મારા પ્રભુ ! તો એ ભજન કરતાં કરતાં ક્રિયા થઈ !

**પછી તે ભક્ત જે તે ભગવાનને પ્રતાપે કરીને અનંત પ્રકારનાં ઐશ્વર્યને પામે છે ને અનંત જીવના ઉદ્ધારને કરે છે.**

જુઓ, પ્રતાપ કોનો છે ? ભગવાનનો પ્રતાપ છે. અનંત પ્રકારનાં ઐશ્વર્યને પામે છે અને અનંત જીવના ઉદ્ધારને કરે છે ! 'અનંત પ્રકારનાં' બહુ મોટો શબ્દ છે. મનુષ્ય શરીરના માધ્યમ દ્વારા પ્રભુને ધારીને ગુરુની આજ્ઞાથી ગામમાં કે શહેરમાં, દેશમાં કે વિદેશમાં વિચરણ કરે છે એની પાછળનો તેઓનો હેતુ સંબંધ અને સંપર્કમાં આવે એ જીવનો ઉદ્ધાર કરવાનો છે. એ મનુષ્ય શરીરમાં વિચરતા ભગવાનના સ્વરૂપની હડફેટમાં જે કોઈ પણ આવે એને ભગવાનના માર્ગે મૂકી દે છે. મોટા પુરુષે સામેથી પોતાનો સંબંધ અને સંપર્ક આપીને પ્રેમથી પ્રભુના માર્ગ પર મૂક્યા તો હવે આ 'વચનામૃત' વાંચતા થયા. તો ધીરે ધીરે આ વાત જેમ સમજાતી જશે તેમ મોટા પુરુષનો મહિમા વધારે ને વધારે સમજાતો જશે.

'ભગવદ્ ગીતા'નો આધાર લઈએ તો, અર્જુન ભગવાન શ્રીકૃષ્ણને પોતાના જેવા સામાન્ય મનુષ્ય જ સમજતા હતા. પોતાના રથના તેમને સારથી બનાવ્યા હતા, માર્ગદર્શક બનાવ્યા હતા. પણ જ્યારે ભગવાને પોતાનાં ઐશ્વર્ય-પ્રતાપ, સામર્થી, શક્તિનું દર્શન કરાવતાં કરાવતાં અર્જુન નાનો-વામણો ને ભગવાન આભ ભરાઈ જાય એવડા મોટા એવું વિરાટ દર્શન કરાવ્યું ત્યારે અર્જુને કહ્યું કે, 'પ્રભુ ! પાછા મારા જેવા થઈ જાવ તો મને સુવાણ થાય!' તો આપણને ભગવાનના સંતનું જે સ્વરૂપ મળ્યું છે એ આપણને સુવાણ થાય એવું મળ્યું છે. રાત્રે ૧૦ વાગ્યે આપણને ચા પીવા જોઈતી હોય ને ગરમાગરમ ભજિયાં ઊતરતાં હોય, તો આપણી ભેગા બેસીને એ પણ ચા ને ભજિયાં આરોગે. કેમ ? તો આપણને સુવાણ થાય એટલે. પણ ત્યારે આપણે એમ માની લઈએ કે, એમનેય ભજિયાં ભાવે છે ને આપણા જેવા ભજિયા ભગત છે. પણ તેઓ કંઈ ભજિયા ભગત છે ? આપણે ભજિયાં ભગત છીએ અને તેઓ તો ભજવાના ભગત છે. બહુ ભેદ છે. આ 'વચનામૃત' વાંચતા જઈશું એટલે આપણને મળ્યા એવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિનો મહિમા સમજાતો જશે.

**અનંત પ્રકારનાં ઐશ્વર્યને પામે છે ને અનંત જીવના ઉદ્ધારને કરે છે. અને એવી સામર્થીએ યુક્ત થકો પણ અન્ય જીવનાં માન-અપમાનને સહન કરે છે એ પણ મોટી સામર્થી છે.**

અહીંયાં મુદ્દો આવ્યો. થોડુંક કશુંક મળ્યું ને પામ્યા એટલે પછી એને પચાવવું બહુ અઘરું છે. આ ભગવાનનું પરમ તત્ત્વ વરણીય થઈ ગયું, ભગવાન અંદર નિવાસ કરીને રહ્યા. આટલી સામર્થીએ યુક્ત હોવા છતાંય પણ તેઓ અન્ય જીવનાં માન-અપમાનને સહન કરે છે.

**કાં જે, સમર્થ થકા જરણા કરવી તે કોઈથી થાય નહીં, એવી રીતે જરણા કરે તેને અતિ મોટા જાણવા.**

અહીંયાં શબ્દપ્રયોગ કર્યો છે – 'અતિ મોટા.' એટલે જે મોટપનું તમે માપ કાઢી શકો નહીં એટલા મોટા. પછી સવાલ જ રહ્યો નહીં ને કે કેટલા મોટા ? અને એટલા મોટા હોવા છતાંય પણ, યોગીબાપા કેવું કહેતા ! શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી ૪૦ વર્ષ તેઓ ગોંડલમાં રહ્યા. એક દિવસ ભૂલથી યોગીબાપા એવું બોલી ગયા કે, '૪૦ વર્ષમાં એક દિવસ એવો ગયો નથી કે, આ યોગીનું અપમાન થયું ના હોય.' યોગીબાપા તો સરળ સ્વભાવના, ગરીબ સ્વભાવના સાધુ હતા. તો તેમનું શું અપમાન કરતા હશે લોકો ? કોઈ એમના માથે ધૂળ નાખતું હશે ? કોઈ એમનાં નાક-કાન કાપતું હશે ? તોય એમણે આ શબ્દ વાપર્યો, તો અપમાન શું થતું હશે ? તો આ જે એમની અતિ મોટપ છે, એ મોટપનો સ્વીકાર કરે નહીં અને એમની આગળ પોતાની તુચ્છતાના ડહાપણનું પ્રદર્શન કરે ; એ પણ એક પ્રકારનું અપમાન છે. એને ખબર નથી, એની હેસિયતનું એને ભાન નથી કે તે કોની સામે ઊભો રહ્યો છે અને શું વાત કરી રહ્યો છે ? બાકી, કોઈએ ધૂળ નહીં નાખી હોય કારણ કે, તેઓ તો એવા ગરીબ પ્રકારના સાધુ હતા કે, કોઈને દુઃખ લાગે એવું વેણ પણ બોલતા નહોતા. એટલે તો 'વાણી અમૃતથી ભરી મધુસમી સંજીવની લોકમાં...' એમનું આ પદ આપણે રોજ આરતીમાં બોલીએ છીએ. વાણી કેવી ? મધુ સમી મધુર વાણી અને મરેલાને જીવતા કરે એવી સંજીવની ! આવી જેમની વાણી હોય તે શું કોઈને કહેતા હશે ? તો સામેવાળો શું એમનું અપમાન કરતો હશે ? તેઓ કોઈને કંઈ કહેતાય નહીં હોય, તો પછી સામેવાળો એમને શું ચોપડાવતો હશે ? પણ અહીંયાં અપમાનનું એવું અર્થઘટન કરીએ કે, એમની મોટપને, એમની બ્રાહ્મીસ્થિતિને, એમની અવસ્થાને સમજ્યા વગર એમની સાથે આપણે શરીરના ભાવથી જે વ્યવહાર કરીએ છીએ ; એ આપણે એમની દિવ્ય-બ્રાહ્મીશક્તિનો સ્વીકાર નથી કર્યો, એનાથી મોટું બીજું કયું અપમાન હોઈ શકે ? એટલે જેમ જેમ આ વાંચીએ છીએ તેમ તેમ સમજાતું જાય છે કે, 'એકેય દિવસ એવો ગયો નહીં હોય કે, મારું અપમાન થયું નહીં હોય' એવું તેઓ કેમ બોલ્યા. યોગીબાપાના આ વાક્ય ઉપર તો શાસ્ત્ર-સંશોધન કરીને પી.એચડી. લેવાય એવું છે. નકારાત્મક લેવું હોય તો, એમને જો અપમાન લાગ્યું, તો માન-અપમાનના ભાવથી તેઓ ઉપર ઊઠ્યા નથી ? તો પછી આ અપમાનની વાત કેમ કરી ? તો આ અપમાન, એ મને જે અપમાન લાગે છે એવું અપમાન નથી, એ કોઈ જુદા પ્રકારનું અપમાન છે. પણ એ સમજવા માટે એ ભાવ ઉપર પહોંચવું પડે. જબરજસ્ત શબ્દો છે ! અને તોય યોગીબાપાની કેવી કરુણા, કેટલો પ્રેમ, કેટલું વાત્સલ્ય !

એ જ યોગીબાપાનું સ્વરૂપ ગુરુહરિ સાહેબદાદા ! આપણે એમની આગળ આવીને બધી વાત કરીએ છીએ. મેં તો જોયું છે, સાહેબની બેઠક ઉપર આવીને તમારે જે વાત કરવી હોય તે કરો. તમારા ઘરની વાત કરો, તમારા મંડળની વાત કરો, તમારા ગામની વાત કરો, અરે હિન્દુસ્તાનની કે ઈંગ્લૅન્ડ, અમૅરિકા સુધીની લાંબી વાત કરો ; સાહેબદાદા શાંતિથી તમારી વાત સાંભળે, સમજે એટલું જ નહીં, પણ તમે બહુ સાચું ને સારું કહી રહ્યા છો એવી પાછી ડોકી પણ હલાવે. એટલે આપણને થાય કે, 'જોયું ! સાહેબ પણ મારી વાત માન્ય કરે છે !' આ ભ્રમમાં ને ભ્રમમાં જિંદગી પૂરી થઈ ગઈ, બ્રહ્મભાવ પ્રાપ્ત કરવાનો અધૂરો રહી ગયો, ભવ બગડી ગયો.

**અને એ સમર્થ તો કેવો જે, એનાં નેત્રમાં ભગવાન જોનારા છે તે માટે બ્રહ્માંડમાં જેટલાં જીવપ્રાણી છે તેનાં નેત્રને પ્રકાશ કરવાને માટે સમર્થ થાય છે. અને એના પગમાં ચાલનારા ભગવાન છે તે માટે બ્રહ્માંડમાં સર્વ જીવના પગને વિષે ચાલવાની શક્તિને પોષણ કરવાને એ સમર્થ થાય છે.**

ગુણાતીતાનંદ સ્વામીએ પણ 'વાત'માં કહ્યું કે, 'આ સાધુ કેવા છે ? તો એનાં નેત્રમાં ભગવાન જોનારા છે.' આ બ્રહ્માંડમાં જેટલાં જીવપ્રાણી માત્ર છે તેનાં નેત્રને પ્રકાશ કરવાને સમર્થ છે. અને કહ્યું કે, 'આટલી મોટી વાત રહેવા દો, પણ અન્નદાતા છે એટલું તો માનો !' કેમ એવું કહેવું પડ્યું હશે ? કારણ કે, સૌ પોતપોતાના ભાવમાં – 'મેં કર્યું' 'મારા લીધે થયું' એવા 'હું' ભાવમાં રહેતા હોય છે. અને જ્યાં સુધી 'હું' ભાવ ટળે નહીં, ત્યાં સુધી ભગવાન પણ ઢૂંકડા થાય નહીં.

**એમ એ સંતની સર્વે ઇન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે.**

શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ-જે ઇન્દ્રિયોના માધ્યમ દ્વારા આપણે અનુભવીએ છીએ, ભોગવીએ છીએ, સમગ્ર સૃષ્ટિ જેમાં રાચે છે ; સંતની પાસે પણ એ જ ઇન્દ્રિયો છે કારણ કે, એમણે પણ મનુષ્ય શરીર લીધું છે. પણ એ સંતની સર્વે ઇન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે, જ્યારે આપણી ઇન્દ્રિયોમાં આપણી વૃત્તિઓ રહેલી છે. આપણે ઇન્દ્રિયોના માધ્યમ દ્વારા ભોગ ભોગવીએ છીએ, આપણી ઇચ્છાઓની પરિતૃપ્તિ કરીએ છીએ. કારણ કે, કશુંક ગયા જન્મે અધૂરું-બાકી રહી ગયું હતું એટલે ઈશ્વરે આપણને તે પૂરું કરવા ફરીથી મનુષ્ય શરીરનું માધ્યમ આપ્યું છે.

તમે જુઓ, એના માટે પણ સ્વામિનારાયણ ભગવાને પામર, વિષયી, મુમુક્ષુ અને મુક્ત; એ ચાર પ્રકારની જીવ કોટિનું વર્ગીકરણ કર્યું છે. જીવ છે શૂદ્ર - જન્મ્યો, જીવ્યો ને મર્યો તે જીવકક્ષા ! જીવજંતુઓને આપણે જોઈએ છીએને, એમને એમના જીવનનો હેતુ કાંઈ છે નહીં. એમને મન એમ છે કે, જન્મ લીધો, પણ ભગવાને એમની અંદર ચેતન તત્ત્વ મૂકેલું છે એટલે જીવે છે. એને પામર જીવ કીધો-શૂદ્રતા. ઈન્દ્રિયોનો ઉપયોગ નિમ્નકક્ષાએ કરે એને શાસ્ત્રની ભાષામાં 'પામર' કહેવામાં આવ્યો છે.

એનાથી થોડોક ઊંચો 'વિષયી'. પંચવિષયના ભોગ ભોગવવામાં જ જેણે જીવન વિતાવવું છે એ છે વિષયી. છે માણસ જ, પણ પેલા પામર કરતાં થોડો સુધરેલો. પણ પોતાની ઈન્દ્રિયોના સુખમાં જ તે રમમાણ રહે છે. સારો શબ્દ, સારું રૂપ, સારો સ્પર્શ, સારી ગંધ, સારો સ્વાદ; આ પાંચ પ્રકારનાં ઈન્દ્રિયોનાં સુખને મેળવવા માટે જ સતત ઉદ્યમ કર્યા કરે છે. વિષય ને પદાર્થની પ્રાપ્તિ એ જ એને જીવનની પરિતૃપ્તિ. જેટલું મળે એટલું ભેગું કર્યે રાખે, ભોગવે રાખે; એટલે એને વિષયી કહ્યો.

એનાથી આગળ એક વહેંત ઉપર ઊઠ્યો એ 'મુમુક્ષુ'-મોક્ષની ઈચ્છાવાળો. કારણ કે, માર ખાઈ ખાઈને થાક્યો છે. કેટલાય જન્મોથી ખા ખા કર્યું તોય ભૂખ ભાંગી નથી, જો જો કર્યું તોય તૃપ્તિ થઈ નથી. કારણ કે, ઈન્દ્રિયોના ભોગનો કોઈ છેડો જ નથી. પણ કોઈ સંતના શબ્દ પડ્યા હશે કે કોઈ સંતની અડફટમાં આવ્યો હશે એટલે ભગવાને કૃપા કરીને ફરીથી જન્મ આપ્યો, મનુષ્યનું શરીર આપ્યું. અને એમાંય વળી સત્સંગી પરિવારનો જોગ આપ્યો, સત્સંગી વાતાવરણ આપ્યું એટલે એને એમ થયું કે, આ ધંધો ને બધું તો અનેક જન્મોથી કરતા આવ્યા છીએ, હવે આ જન્મે મનુષ્ય જન્મ સફળ થાય એવું કંઈક કરવું છે. એવી હજુ તો મનમાં ઈચ્છા જાગી છે, પણ એને શાસ્ત્રમાં 'મુમુક્ષુ' - મોક્ષની ઈચ્છાવાળો કહેવામાં આવ્યો છે.

'મસ્તકના મુકુટ જેવો તારો સંબંધી, હું માનું એવી મનમાં ઈચ્છા તો મેં કીધી.' મનાતા નથી, પણ મેં ઈચ્છા કરી છે કે, આ બધા તારા સંબંધવાળા ભક્તોને મારે મસ્તકના મુકુટ જેવા માનવા છે. રોજ પ્રાર્થના ગાઈએ છીએ તોય નથી મનાતા પણ, ઈચ્છા કરી છે. અને ઈચ્છા કરી છે તો મુમુક્ષુ છીએ. ઈચ્છા કરી છે તો કોઈક દિવસ સંતનો રાજીપો થશે તો 'જાવ થઈ ગયું' એમ આશીર્વાદ મળી જશે અને એ ઈચ્છાની પરિતૃપ્તિ થશે. એટલે મુમુક્ષુ છે એ મોક્ષની ઈચ્છાવાળા છે કે, હવે આમાં રચ્યાપચ્યા રહેવું નથી, હવે સમય બરબાદ કરવો નથી, હવે જિંદગી વેડફી કાઢવી નથી. બીજું તો શું આવડે આપણને ? પણ મને મળ્યા એ મોટા પુરુષને મારે રાજી કરી લેવા છે. અત્યાર સુધી મારી રીતે હું રાજી થઉં એવું બહુ જીવ્યો, પણ કોઈ રાજી ના થયું. અને તમે જુઓ અત્યારે, આપણે બધાને કંઈ રાજી કરી શકીએ છીએ ? એકનું સાચવ્યું તો બીજાને વાંકું પડ્યું. બીજાને મનાવ્યો તો ત્રીજું ત્રાગડ કરીને ઊભું રહ્યું. એને બદલે જેને રાજી કરવાના છે એ એકને રાજી કરો તો બધા ઑટોમૅટિક રાજી થઈ જાય. પણ આપણો પ્રયત્ન વ્યક્તિને રાજી કરવાનો હોય છે અને એ વ્યક્તિ કાયમ રાજી રહે એવી કોઈ ગેરંટી નથી. આ એક જ ઠેકાણું એવું છે કે, કાયમ એમનો રાજીપો છે. તેમ છતાંય એમણે 'વચનામૃત'માં કહ્યું છે, આખું લિસ્ટ આપ્યું છે કે, 'અમારા અનુયાયી આ પ્રમાણે વર્તે, જીવે તો અમને ના ગમે.' અને સાથે સાથે 'અમને બહુ ગમે' એનું પણ લિસ્ટ આપ્યું છે. તો જુઓ, હવે રાજી કરવાની ઈચ્છાવાળા છો તો અનુસંધાન રાખો કે, એમને ના ગમે તેવું નથી કરવું અને એમને ગમે છે તેવું કરવાની ગાંઠ વાળવી છે; તો મુમુક્ષુ થયા.

અને ચોથા છે 'મુક્ત !' 'અનાદિ મુક્ત' એવો શબ્દ આપણે સત્સંગમાં વાપરીએ છીએ. ભગવાનની આજ્ઞાથી, ભગવાનનું કામ કરવા માટે, ભગવાને આપેલું મનુષ્ય શરીર લઈને તેઓ આ પૃથ્વી ઉપર અવતરે છે. સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે, 'કાં તો એ માતાના ગર્ભ થકી આવે, કાં તો એ સ્વતંત્રપણે આવે, કાં એ પરકાયા પ્રવેશ કરીને પણ આવે.' એમ, જશુભાઈ, કમળાબાની કૂખે અને શંકરદાદાના ખોળે જન્મ ધરીને આવ્યા; એ અનાદિના મુક્ત છે ! જેમને ભગવાન પોતાનું કામ કરવા માટે પોતાની સાથે આ લોકમાં આપણી વચ્ચે લઈ આવ્યા છે. બોલવું સહેલું છે, કથા કરવી સહેલી છે પણ મનાય છે આવું ? એટલે આપણે ભગવાનને રહેવાનું અખંડ ધામ ગુણાતીતાનંદ સ્વામી અને અનાદિ મહામુક્તરાજ ગોપાળાનંદ સ્વામીની મૂર્તિ મંદિરમાં પધરાવી છે.

ગુણાતીતાનંદ સ્વામીએ 'વાત'માં કહ્યું કે, 'આજ તો મહારાજ પોતાનું અક્ષરધામ, પાર્ષદ ને પોતાનું સમગ્ર ઐશ્વર્ય લઈને પધાર્યા છે.' ગઈ કાલની કે આવતી કાલની વાત નથી, આજની વાત છે. આ સમજણ આપણે પાકી કરવાની છે. પરોક્ષપણે-પૂર્વે થઈ ગયા એમનો મહિમા સમજાય છે કારણ કે, દૂર છે. વેગળું ગળ્યું લાગે. થઈ ગયા છે એટલે ગળ્યું લાગે. કારણ કે, હવે એમને આપણે કશું પૂછવા જવાના નથી, અને એ પણ આપણને કશું કહેવા આવવાના નથી. અને ટૂંકડું -જે નજદીક છે, જે સાથે છે, જે સતત સંપર્કમાં છે, તે કડવું લાગે છે. કારણ કે, અતિશય સાંનિધ્ય છે એટલે એમના વિષે આપણને દોષ અને ત્રુટિ દેખાય છે.

નવાં નવાં લગન થાય ત્યારે તો એટલો બધો પ્રેમ હોય કે કહે, 'તારા માટે શું ના થાય? તું કહે તો આસમાનના તારા તોડી લાવું.' ક્યાં જવાનું છે? ખાલી વાણીમાં જ કહેવાનું છેને? પછી જેમ વર્ષો વીતતાં જાય એમ અતિશય નિકટતાને કારણે એનામાં દોષ ને ત્રુટિ દેખાય છે. આપણી સંસારવ્યવસ્થાને પણ સમજજો. બહેનોએ થોડા થોડા વખતે પિયર એટલે જવાનું. જે વ્યક્તિ આપણી અતિશય નિકટ છે, એના સતત સંપર્કમાં આપણે છીએ, બહુ નજીકથી એને જોઈએ છીએ એટલે આપણને એનામાં ખામી, ત્રુટિ, દોષ દેખાય છે અને એટલે એનો અભાવ આવે છે. એ સંબંધને ગળ્યો કરવો હોય તો 'વેગળું'-થોડા દિવસ પત્નીને પિયર મોકલી આપવાની. તો એની ગેરહાજરીમાં ખબર પડે કે, કેટલા વીસે સો થાય છે? સવારના પહોરમાં ગરમાગરમ ચા મળતી હોય ત્યાં સુધી ચા બનાવનારની કિંમત રહેતી નથી, પણ પત્ની જ્યારે પિયર જાય ત્યારે આંખો ચોળતાં ચોળતાં જાતે ચાનાં ને ખાંડનાં ડબલાં શોધવાનાં થાય ત્યારે તેની સ્મૃતિ થાય છે અને ત્યારે તેની કિંમત સમજાય છે. એટલે સંસાર-વ્યવસ્થાના ને પરિવારના જે રિવાજો છે એ પ્રમાણે પત્નીને થોડા થોડા સમયે પિયર મોકલવાની, થોડા થોડા સમયે ફરવા લઈ જવાની, રજાઓ માણવાની, રોજ સવારથી સાંજ સુધીની ઘટમાળનું જે જીવન જીવીએ છીએ-એનો એ જ ચકરાવો; તો એનાથી કશુંક જુદું અને નવું કરવાનું તો કંઈક પાછી હાશ થાય, હળવાશ લાગે. આમ તો બહાર ફરીને થાકીને જ પાછા આવ્યા હોય. બહાર કશી સગવડ તો હોય નહિ એટલે ઘરે આવીને પાંચ દિવસનાં ભેગાં થયેલાં મેલાં કપડાં ધોવાનાં હોય. પણ, આ રોજિંદા જીવનમાં એક જ ઘરેડમાં જિવાતી ઘટમાળમાં ફેરફાર આવે, નવીનતા આવે, ઉમંગ-ઉત્સાહ આવે અને એમાંથી પ્રેમનું ઝરણું વહે; એવી આપણા વડીલોએ, ઋષિ મુનિઓએ, આપણી કુટુંબવ્યવસ્થા, આપણી સમાજવ્યવસ્થા ગોઠવી છે.

ઘણાં બહેનોનું ગામમાં ને ગામમાં જ પિયર હોય છે, તો એમણે શું કરવાનું? તો સાહેબદાદાએ કહ્યું છે કે, બ્રહ્મજ્યોતિ-મોગરી એ તમારાં બધાંનું પિયર છે. જ્યારે ઇચ્છા થાય ત્યારે થેલો પૅક કરીને, 'હું તો બ્રહ્મજ્યોતિ જઉં છું' કહીને આવી જવાનું. સાહેબદાદા, શાંતિદાદા જેવા રૂડા સંત આપણા માવતર છે, મા-બાપ છે. રડવું હોય તો એમની આગળ જઈને રડવું, ગમે ત્યાં જઈને રોદણાં રડવાં નહી. આપણું દુઃખ ટાળે એવી સામર્થી જેમનામાં હોય એમની આગળ જઈને દુઃખ કહેવું, વાત કહેવી. અને એવાં બે ઠેકાણાં છે, એક, મારા ભગવાન અને બીજા, મારા ગુરુ ! તો શ્રદ્ધાએ સહિત, તેઓ મારી વાત સાંભળે છે એવા ભાવથી આપણે પ્રાર્થના કરવી. મૂર્તિને વિશે અને મૂર્તિ જેમણે પધરાવી છે એવા મારા ગુરુને વિશે આવો ભાવ થાય એ આપણી પ્રાર્થના છે !

**તે માટે એ સંત તો બ્રહ્માંડમાં સર્વે જીવોનાં ઇન્દ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ થાય છે.**

બ્રહ્માંડની વાત તો જવા દો, પણ મારા પૂરતી પણ આ વાત જો સ્વીકારુંને તોય બસ છે ! મારાં ઇન્દ્રિયો-અંતઃકરણને સચેતન કરવાની શક્તિ, સામર્થી એમનામાં છે. અને એટલે હું જે કંઈ પણ છું, તે એમને લીધે છું, એમને કારણે છું, એમનું દીધેલું છે - આવો ગરીબભાવ, રાંકભાવ, શરણાગતભાવ, સ્વામી-સેવકભાવ; અને એમના જેવા થઈ જઈએ તો પણ તેઓ તો પરના પર છે - એ આપણી ઉપાસનાનો મુખ્ય સિદ્ધાંત છે. એટલે આપણે આખા બ્રહ્માંડની ચિંતા કરવાની મૂકી દઈએ.

**માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે, તે તુચ્છ જીવનું અપમાન સહે તે એમની એ અતિશય મોટ્યપ છે. અને એવી રીતની ક્ષમાવાળા છે તે જ અતિ મોટા છે.**

ફરીથી પાછો 'અતિ' શબ્દનો પ્રયોગ થયો. તેઓ અતિ મોટા છે - એટલા મોટા છે કે, આપણે એમના પારને પામતા નથી, પામ્યા નથી એટલે એમના મહિમાનું, ગુણગાનનું વર્ણન પણ કરી શકતા નથી. અને જે વર્ણન કરીએ છીએ તે આંધળાઓએ ભેગા થઈને હાથીનું વર્ણન કર્યું તેવું છે. એકે કહ્યું, દીવાલ જેવો છે, બીજાએ કહ્યું, થાંભલા જેવો છે, ત્રીજાએ કહ્યું, સૂપડા જેવો છે, ચોથાએ કહ્યું, દોરી જેવો છે અને પાંચમાએ કહ્યું, પાઈપ જેવો છે. એકે પેટ પકડ્યું, બીજાએ પગ પકડ્યા, ત્રીજાએ કાન પકડ્યા, ચોથાએ પૂંછડી પકડી ને પાંચમાએ સૂંઢ પકડી; જેણે જે અંગ પકડ્યું હતું તે અંગનું વર્ણન કર્યું.

આ તો અતિ મોટા છે. અને આપણા હાથમાં આવે એમ છે નહીં, આપણી દૃષ્ટિમાં આવે એમ છે નહીં, આપણી બુદ્ધિથી એમને માપી શકાય એવા છે નહીં; એટલે આપણે જે વર્ણન કરીએ છીએ એ મને થયેલાં દર્શનનું વર્ણન છે. આપણાં હિન્દુ શાસ્ત્રોમાં 'દર્શનશાસ્ત્રો' અનેક પ્રકારનાં રચાયાં છે. જે દાર્શનિકો થયા, જેમને આ દર્શન થયું એ દર્શનનું એમણે વર્ણન કર્યું, એટલે એમના નામે એ શાસ્ત્ર લખાયું. પણ, સમ્યક્ દર્શન થવું એ જાણે કે અશક્ય અને અસંભવ જેવી બાબત છે. કારણ કે, એ ક્યાં નથી ? કોઈ એમ કહે કે, 'ભગવાન ક્યાં છે? મને બતાવો.' તો આપણે એને સામે સવાલ પૂછવાનો, 'એ ક્યાં નથી એ તું મને બતાવ, પછી ક્યાં છે એ હું તને બતાવીશ.' આ બ્રહ્મનું વ્યાપક દર્શન છે. ક્યાં નથી

એ ? અન્વય સ્વરૂપ અને વ્યાપક સ્વરૂપ એ બે વાત 'વચનામૃત'માં આવે છે. અત્યારે આપણા ગુરુના મનુષ્ય શરીરમાં તેઓ રહ્યા છે એવો ભાવ આપણે ધર્યો એ થયું અન્વય સ્વરૂપ ! આ ધામમાં અહીંયાં ને અત્યારે બિરાજમાન છે. અને એ જ પરમાત્માની પરમ અને દિવ્ય શક્તિ વ્યાપક સ્વરૂપે સૌની અંદર બિરાજમાન છે એવું દર્શન કરવું એ વ્યાપક દૃષ્ટિ છે. એમને એવી વ્યાપક દૃષ્ટિ છે. તેઓ આપણા સૌમાં બિરાજમાન ભગવાનના પરમ બ્રહ્મભાવને જ જુએ છે અને એટલે આપણી જોડેનો એમનો વ્યવહાર બ્રહ્મભાવથી થાય છે. એમને દોષ દેખાતો નથી, એમને ત્રુટિ દેખાતી નથી, એમને ખામી દેખાતી નથી; એમને માત્ર ને માત્ર ભગવાન સાથેનો આપણો સંબંધ દેખાય છે, આપણામાં પડેલું ભગવાનનું બીજ દેખાય છે. એ ક્યારે ઊગીને મોટું વટવૃક્ષ બને એની બહુ શાંતિથી રાહ જુએ છે. આજે નહીં ને કાલે આ બ્રહ્મતત્ત્વ છે તે પ્રગટવાનું છે અને અઢારે કોઠે દીવા પ્રગટવાના છે, બ્રહ્મનો પ્રકાશ થવાનો છે.

એવી બ્રહ્મજ્યોતિમાં જેમનો નિવાસ છે અને એ બ્રહ્મની જ્યોતિના જેઓ પ્રાણ છે, એવા સાહેબદાદા માટે કીર્તનમાં ‘બ્રહ્મજ્યોતિના પ્રાણ’ એવા શબ્દો વપરાયા છે. આ ભાવ છે ! તેઓ પોતે આવા છે, તો બ્રહ્મની જ્યોતિ તેઓ પ્રગટાવી રહ્યા છે. અને એટલે કહ્યું કે, એમના સંબંધવાળામાં એવો ભાવ લાવવો. આપણે એમના સંબંધવાળાને માથાના મુગટ માનવાની કસરત કરી રહ્યા છીએ. આ વાતમાં આપણને કંઈક ધ્યાન પડ્યું છે, સૂઝ પડી છે, તો આજે નહીં તો કાલે પણ આપણે આ ભાવ લાવી શકીશું. પણ એની શરૂઆત પોતાના પરિવારના સભ્યોથી કરવાની છે, પોતાના સ્થાનિક સત્સંગમંડળથી કરવાની છે. અને ધીરે ધીરે એનો વિસ્તાર વધારીને સમગ્ર સત્સંગમંડળમાં એમના સંબંધવાળા સર્વને વિશે આ ભાવ કરવાનો છે. એટલે જેમ જેમ આપણે એમને આ રીતે જોતા ગયા, તેમ તેમ તેઓ મોટા થતા ગયા, વિસ્તરતા ગયા. સાહેબદાદાનું વજન વધે, એમનું શરીર વધે એમ તેઓ મોટા થયા ? ના! મારી દૃષ્ટિએ હવે તેઓ માત્ર એમના શરીર પૂરતા સીમિત રહ્યા નથી. એમના સંતોમાં, એમના ભક્તોમાં-સૌની અંદર એ જ બ્રહ્મનું તત્ત્વ, પરમ તત્ત્વ મારા ગુરુના-એમના સંબંધથી પ્રગટી રહ્યું છે, આ એમને અતિ મોટા જાણ્યા કહેવાય. સંતની મોટપની વાતની સાથે સાથે સ્વામિનારાયણ ભગવાન જગતની મોટપની પણ વાત કરે છે.

**અને જે આંખ્યો કાઢીને પોતાથી ગરીબ હોય તેને બિવરાવે છે.**

ગરીબ એટલે આર્થિક દૃષ્ટિએ ગરીબ નહીં, પણ સ્વભાવ-પ્રકૃતિથી ગરીબ, બિચારો, રાંક ! તમે એને દબડાવો તોય બોલે નહીં ને બે હાથ જોડીને ઊભો રહે ને કહે, 'હા બાપજી !' એને ગરીબ પ્રકૃતિ કહેવાય. ગરીબ પ્રકૃતિવાળો હોય એને આપણે દબડાવીએ છીએ. જુઓ, આ બધું આપણે અહીંનું અહીં જ સમજવા જેવું છે. પોતાથી ગરીબ હોય તેને બિવરાવે છે એટલે પોતે ગરીબ નથી. જાણે પોતે બીજાને દબડાવવાનો પરવાનો ઉપરથી લઈને જ આવ્યા છીએ. એના જીવનનો હેતુ જ બધાને સરખા કરવાનો અને સરખા ચલાવવાનો છે.

**ને મનમાં જાણે જે, 'હું મોટો થયો છું,' પણ એ મોટો નથી. અથવા સિદ્ધાઈ દેખાડીને લોકોને ડરાવે છે, એવા જે જગતમાં જીવ છે તે ભગવાનના ભક્ત નથી, એ તો માયાના જીવ છે અને યમપુરીના અધિકારી છે.**

સત્સંગનાં તોલમાપ જુદાં છે. જુઓ, અહીંયાં ભેદ પાડ્યો છે ને જગતના જીવની વાત કરી છે. એટલે માથાકૂટ કરવી હોય તો ગામમાં ચોરો છે, પણ મંદિરે આવીને માથાકૂટ નહીં કરવાની, મંદિરે આવીને મનની અંદર ઊતરવાનું. અને તે કોણે ઊતરવાનું છે ? મારે ઊતરવાનું છે, બીજા બધાને ઉતારવાના નથી. જે જગતના જીવ છે તે ભગવાનના ભક્ત નથી. અહીંયાં ભગતની વાત થાય છે અને ભગત હોય તો એની સમજણ કેવી હોય એની અહીંયાં આપણને સમજણ આપવામાં આવે છે.

જે આંખો કાઢીને કે સિદ્ધાઈ બતાવીને લોકોને ડરાવે છે એ તો ભગવાનનો ભક્ત જ નથી. આપણી સાથે એ બેસી શકે એમ છે જ નહીં તો પછી શું કામ પરાણે બેસાડવાના ? એ માયાના જીવ છે અને યમપુરીના અધિકારી છે, જ્યારે આપણે ભગવાનના ભગત છીએ અને અક્ષરધામના અધિકારી છીએ. અને એટલું જ નહીં, છતી દેહે આપણે અક્ષરધામમાં બેઠા છીએ. આપણે આવી સમજણથી જીવનારા છીએ, એટલે એમનું જોઈને આપણે શીખવું નહીં અને એમની સાથે આપણી સરખામણી કરવી નહીં.

જગતનાં ને ભગતનાં કાટલાં નોખાં નોખાં છે. આપણે ભગવાનનો સંબંધ જોવાનો. ભગવાનનો નિયમ, નિશ્ચય ને પક્ષ છેને ! પછી ભલે ગમે એવો ગાંડોઘેલો હોય, હાલોપોલો હોય, પણ ભગવાનનો ભગત છેને ! એટલે ભગતનું મૂલ્યાંકન કરવું નહીં. અને ભગત ભેખડ જેવો છે, એની સામે ભટકાવું નહીં. તમારે જગતમાં ડંડો જ્યાં ફેરવવો હોય ત્યાં ફેરવો, કારણ કે, એ બધા પ્રારબ્ધને આધીન છે. જ્યારે ભગવાનના ભગતનું પ્રારબ્ધ ભગવાને માથે લીધું છે. 'એને દંડ દેવો હશે તો હું બેઠો છું, અને એવા ભક્તને અમે આધીન છીએ.' એવું ભગવાને પ્રથમના ૩૭મા વચનામૃતમાં કહ્યું છે. માટે સત્સંગ એ પટલાઈ કરવાનો વિષય નથી, વહીવટ કરવાનો વિષય નથી. એ ભક્તિનો માર્ગ છે, મુક્તિનો માર્ગ છે. આપણને ભગવાનને ભજી લેવાનો મોકો મળ્યો છે, ક્ષણ મળી છે,

તક મળી છે. સંસ્થા, સંસ્થાની મિલકતો, એનો વહીવટ, એનું સંચાલન એ તો સાધન છે. સાધ્ય તો ભગવાનની મૂર્તિ છે અને ગુરુની પ્રસન્નતા છે. એટલે ભગવાનના ભગતમાં ભગવાનનો સંબંધ જોવો.

ભગતજી મહારાજે કૂતરાના કપાળમાં તિલક-ચાંદલો જોઈને દંડવત્ કરી દીધા. બાકી, કૂતરાને તો કામવાસનાના દૃષ્ટાંત તરીકે બતાવવામાં આવે છે. પણ ભગતજી મહારાજે શું જોયું ? તેમણે તિલક અને ચાંદલો જોયો. એટલે તિલક-ચાંદલાવાળો હોય, 'સ્વામિનારાયણ'ની કંઠી પહેરેલી હોય તો એ ભેખડ જેવો છે. ત્યાં જો ભટકાયા તો માથું ફૂટી જશે ને લોહી નીકળશે. અને પ્રારબ્ધનાં પોટલાં વધતાં જશે એની ખબર પણ નહીં પડે, રાઈ રાઈના લેખાં લેશે. ભગવાને કહ્યું કે, 'એને કશું કહેવું હશે, કશું કરવું હશે તો હું બેઠો છું. એને દંડ દેવો હશે તો અમે દઈશું.' ધણીની એ સત્તાનો સ્વીકાર કરીએ. એના બદલે આપણે ન્યાય કરવા ને દંડ કરવા બેસી જઈએ છીએ. આપણી હેસિયત બહારની વાત છે તોય આવું કરી નાખીએ છીએ. કારણ કે, અનેક જન્મોના હેવા પડ્યા છે, અને એ લઈને આ જન્મમાં પણ આપણે આવ્યા છીએ.

**અને એવાની જે મોટ્યપ છે તે સંસારના માર્ગમાં છે. જેમ સંસારમાં જેને ઘોડું ચડવા ન હોય તેથી જેને ઘોડું હોય તે મોટો, અને એક ઘોડું જેને હોય તેથી જેને પાંચ ઘોડાં હોય તે મોટો, એમ જેમ જેમ અધિક સંપત્તિ હોય તેમ સંસાર-વ્યવહારમાં અતિ મોટો કહેવાય, પણ પરમેશ્વર ભજ્યામાં એ મોટો નથી.**

મહારાજે પહેલાં અતિ મોટા સંતની વાત કરી, હવે સંસારમાં જે મોટા છે એની પણ આપણને સમજણ આપે છે. એ જમાનામાં મુસાફરીનું સાધન ઘોડું હતું એટલે એની વાત કરી છે, જ્યારે અત્યારે તો 'મર્સિડિઝ' ગાડી પાર્ક થાય છે. પણ પરમેશ્વર ભજ્યામાં એ મોટો નથી. તોય એવા જે આ સંસારમાં કહેવાતા મોટા છે, સાધનસંપન્ન છે એમની માન-મર્યાદા અને વિવેક રાખવાનું સ્વામિનારાયણ ભગવાને 'શિક્ષાપત્રી'માં પોતાના અનુયાયીઓને, સત્સંગીઓને શિખવાડ્યું છે. મોક્ષના માર્ગની મોટ્યપ જોઈતી હોય તો આગળ જે અતિ મોટા સંતની વાત કરી અને એવા રૂડા ગુણ લાવવાની જે વાત કરી એમાં તે વાત આવે છે. પદ, સત્તા અને અધિકારની મોટપ છે, પણ સત્સંગમાં એ રીતની મોટપ કહેવાતી નથી. સંસાર-વ્યવહારમાં એ અતિ મોટો કહેવાય, પણ પરમેશ્વર ભજ્યામાં એ મોટો નથી.

**જેની મતિ એવી હોય જે, 'આ સ્ત્રી તો અતિશય રૂપવાન છે અને આ વસ્ત્ર તો અતિશય સારું છે અને આ મેડી તો ઘણી સારી છે અને આ તુંબડી તો અતિશય સારી છે ને આ પાત્ર તો અતિશય સારું છે', એવી રીતના જે ગૃહસ્થ તથા ભેખધારી તે સર્વે તુચ્છ બુદ્ધિવાળા છે.**

ભેખધારી એટલે સંન્યાસી - ભગવું વસ્ત્ર ધારણ કર્યું છે તે. જેની આવી મતિ હોય તે ગૃહસ્થ અને ભેખધારી સૌ તુચ્છ બુદ્ધિવાળા છે, છેલ્લું સર્ટિફિકેટ ! પોતાની જાતને બુદ્ધિશાળી માનતા હોય, પણ એમની બુદ્ધિ તુચ્છ બુદ્ધિ છે, તેઓ પ્રજ્ઞાને પામ્યા નથી. તેમને લૌકિક મૂલ્યાંકનો છે, તેમણે પદ અને પદાર્થને મહત્ત્વ આપ્યું છે, પ્રભુ બેઠા છે તોય એમને ભૂલી ગયા છે અને એમનો વિવેક કે એમની આમન્યા, મર્યાદા રાખ્યા વગર બેફામ વર્તે છે તેઓ સૌ તુચ્છ બુદ્ધિવાળા છે. સ્વામિનારાયણ ભગવાન વહેલી સવારે ઊઠીને સંતોની-પરમહંસની જાયગામાં જઈને આ વાત કરે છે, પણ ગૃહસ્થોને તેઓ ભૂલ્યા નથી.

